# આજે વિજયા દશમી પર્વ ધામધૂમથી ઉજવાશે

## નવા વાહનોની ખરીદી પણ ખૂબ થશે : પ્રાચીન સમયમાં રાજાઓ શત્રુઓને જીતવા માટે શસ્ત્રોની પૂજા કરતા

ગાંધીનગર, તા.૪

દશેરાના તહેવારને વિજયાદશમી પણ કહેવામાં આવે છે. એ આજના સમયમાં અનિષ્ટ પર સારાની જીતનું પ્રતીક છે.

### દશેરાના દિવસે વાહનની ખરીદી શા માટે કરવામાં આવે છે?

દશેરા એટલે વિજયા દશમી. વિજયા દશમીને શાસ્ત્રોમાં વણજોયું મુહૂર્ત તરીકે ગણાય છે. આવા શુભ મુહૂર્તના દિવસે વાહનોની ખરીદી કરવી શુભ માનવામાં આવે છે. આ દિવસે ખરીદેલાં વાહન શુભકારી થાય છે.

### દશેરાનું મહત્વ:

પૌરાણિક માન્યતાઓ અનુસાર, રાવણે ભગવાન રામની પત્ની માતા સીતાનું અપહરણ કર્યું હતું, જેના કારણે તેમની વચ્ચે ઘાતક યુદ્ધ થયું હતું. રાક્ષસ રાજા રાવણના નાભિ કુંભમાં અમૃતના કારણે તે અવિનાશી બની ગયો હતો. પરંતુ ઘણા સંજોગો અને ઘટનાઓ પછી, રામ તેની નાભિમાં તીર મારીને રાવણને મારવામાં સફળ થાય છે. પૌરાણિક સમયથી, આ દિવસ હિંદુ કેલેન્ડરના અશ્વિન મહિનાની ૧૦મી તારીખે દશેરા તરીકે ઉજવવામાં આવે છે. ભારતના લોકો દુષ્ટતા પર સારાની જીતના સન્માનમાં દશેરાની ઉજવણી કરે છે. ભારતના પૂર્વીય ભાગોમાં ભક્તો પણ આ દિવસને દુર્ગા પૂજાના અંત તરીકે ઉજવે છે જે નવરાત્રીના તહેવાર સાથે શરૂ થાય છે.

### દશેરા પર શુભ યોગો:

શારદીય નવરાત્રીના ૯ દિવસ પછી, દશેરા એટલે કે વિજયાદશમી ઉજવવામાં આવે છે. આ દિવસે અનિષ્ટના પ્રતીક રાવણના પૂતળાનું દહન કરવામાં આવે છે. તે જ સમયે, હિન્દુ પૌરાણિક કથાઓ અનુસાર, આ તહેવાર મહિષાસુર રાક્ષસ પર દેવી દુર્ગાના વિજયનો દિવસ પણ છે. નવા કામની શરૂઆત કરવા, ખરીદી કરવા, વાહન અને શસ્ત્રોની પૂજા કરવા માટે દશેરા ખૂબ જ શુભ માનવામાં આવે છે. આ વર્ષે દશેરા પર બનેલા શુભ યોગો તેને વધુ ખાસ બનાવી રહ્યા છે. આ યોગોમાં પૂજા અને શુભ કાર્ય કરવાથી ઘણો ફાયદો થાય છે.



### શસ્ત્ર પૂજા શા માટે કરવામાં આવે છે

દશેરાના દિવસે શસ્ત્રોની પૂજા કરવાની પરંપરા સદીઓ જૂની છે. અશ્વિન શુક્લ પક્ષ દશમીના દિવસે શસ્ત્ર પૂજન કરવામાં આવે છે. નવરાત્રિના નવ દિવસ સુધી દેવી દુર્ગાની પૂજા કર્યા પછી દશેરાનો તહેવાર ઉજવવામાં આવે છે. વિજયાદશમીના દિવસે દેવી દુર્ગાની પૂજા કરવામાં આવે છે. મા દુર્ગા શક્તિનું પ્રતિક છે. ભારતના રજવાડાઓમાં શસ્ત્ર પૂજનની ખૂબ જ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. હવે રજવાડા નથી રહ્યા પણ પરંપરાઓ શાશ્વત છે. આ જ કારણ છે કે આ દિવસે સ્વરક્ષણ માટે ઉપયોગમાં લેવાતા શસ્ત્રોની પણ પૂજા કરવામાં આવે છે. શસ્ત્રોની સફાઈ અને પૂજા કરવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આ દિવસે કરવામાં આવેલ કાર્ય શુભ ફળ આપે છે. એવું પણ કહેવાય છે કે શત્રુઓ પર જીત મેળવવા માટે આ દિવસે શસ્ત્ર પૂજા કરવી જોઈએ.

### દશેરા શસ્ત્ર પૂજન પદ્ધતિ:

દશેરાના દિવસે શસ્ત્ર પૂજનની પરંપરા પ્રાચીન સમયથી ચાલી આવે છે. આ દિવસ શસ્ત્ર-સામગ્રી એકત્ર કરીને તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો દિવસ છે. પ્રાચીન સમયમાં, રાજાઓ તેમના શત્રુઓને જીતવા માટે શસ્ત્રોની પૂજા કરતા હતા. આ સાથે દશેરાના દિવસે તેમની લડાઈ કુશળતાને અજમાવવા માટે ઘણી શારીરિક સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવે છે. દશેરાની શસ્ત્ર પૂજન પદ્ધતિ વિશે વાત કરીએ તો, આ દિવસે પોતાના રાજ્ય એટલે કે દેશ માટે લડતા તમામ લોકો તેમના શસ્ત્રો એકઠા કરે છે અને પવિત્ર નદીના પાણીથી તેને શુદ્ધ કરે છે. શસ્ત્રોને શુદ્ધ કર્યા પછી, આ શસ્ત્રો પર હળદર, કુમકુમ અને અક્ષતની રસી લગાવીને ફૂલ અર્પણ કરવામાં આવે છે. શસ્ત્ર પૂજનમાં શમીના પાનનું ઘણું મહત્વ છે, શસ્ત્રોને ફૂલ અર્પણ કર્યા બાદ શમીના પાન અર્પણ કરવામાં આવે છે. આ પૂજામાં ઘરના વડીલો અને પુખ્ત વયના લોકો જ ભાગ લઈ શકે છે. આ પૂજામાં ઘરના બાળકોનો ભાગ લેવા પર પ્રતિબંધ છે.

### શસ્ત્ર અને વાહન પૂજન માટેના મુહૂર્ત:

સવારે: ૦૬:૩૦ થી ૦૯:૩૦ (લાભ અને અમૃત)
સવારે: ૧૧:૦૦ થી ૧૨:૩૦ (શુભ )
સાંજે: ૦૫:૦૦ થી ૦૬:૩૦( લાભ)
રાત્રે: ૦૮:૦૦ થી ૧૧:૩૦(શુભ અને અમૃત)
વિજય મુહૂર્ત: બપોરે ૦૨:૧૦ થી ૩:૦૦

દુષ્ટતા કોઈપણ સ્વરૂપમાં હોઈ શકે છે, જેમ કે અસત્ય, વેર, ઈર્ષા, દુ:ખ, આળસ વગેરે. કોઈપણ આંતરિક દુષ્ટતાને દૂર કરવી એ પણ સ્વ-વિજય છે અને આપણે તમારી આજુબાજુ આવી દુષ્ટતાને દૂર કરી એને દર વર્ષે વિજયા દશમી ઉત્સવ તરીકે ઊજવીએ, જેથી એક દિવસ તમે બધી ઈન્દ્રિયો પર વિજય મેળવી શકશો. ખરાબ આચરણ પર સારા આચરણની જીત મેળવી દશેરાની ઉજવણી કરીએ. સામાન્ય તરીકે દશેરા વિજય પર્વ તરીકે ઊજવાય છે. ઉજવણીની દરેકની માન્યતા અલગ અલગ છે. ખેડૂતો માટે એ નવા પાકના આગમનની ઉજવણી છે. પ્રાચીન સમયમાં આ દિવસે સાધનો અને શસ્ત્રની પૂજા કરવામાં આવતી હતી, કારણ કે તેઓ તેને યુદ્ધમાં થયેલા વિજયના ઉત્સાહ સ્વરૂપ હતું, પણ આ બધાનું મુખ્ય કારણ તો એક જ છે બુરાઈ પર અચ્છાઈની જીત. ખેડૂતો માટે આ મહેનતના ફળના સ્વરૂપમાં ઊગતા પાકનો ઉલ્લાસ તેમજ સૈનિકો માટે યુદ્ધમાં શત્રુ પર વિજયનો ઉત્સાહ એટલે વિજયાદશમી. આ દિવસે અમુક પરિવારોમાં દશેરાના નૈવેદ્ય થાય છે. દશેરાના દિવસે ભગવાન શ્રીરામ આશ્વિન શુક્લ દશમીએ લંકાના રાજા રાવણનો વધ કર્યો હતો, જેમણે તેમનાં પત્ની સીતાનું અપહરણ કર્યું હતું. પૌરાણિક કથાઓ અનુસાર, રાવણનું ભયંકર યુદ્ધ પછી દશમીએ મૃત્યુ થયું હતું અને શ્રીરામે લંકા પર વિજય મળવ્યો હતો, તેથી આ દિવસને વિજયાદશમી અથવા દશેરા તરીકે ઊજવવામાં આવે છે. એ જ સમયે મા દુર્ગાએ ૧૦ દિવસ સુધી મહિષાસુર સાથે ભયંકર યુદ્ધ લડ્યું અને આશ્વિન શુક્લ દશમીએ એનો વધ કર્યો. આ કારણે પણ વિજયાદશમી તરીકે ઊજવવામાં આવે છે. અનિષ્ટ પર સારા અને અન્યાય પર ધર્મની જીતનું પ્રતીક છે.

# ગાંધીનગરની બીબીએ કોલેજનાં ૭૫ વિદ્યાર્થીઓ દ્વારા બનાસ ડેરીની ઈંડસ્ટ્રિયલ વિઝિટ યોજાઈ



ગાંધીનગર, તા.૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન દ્વારા વિદ્યાર્થીઓને બનાસ ડેરીની ઔધોગીક મુલાકાત માટે લઈ જવામાં આવ્યા. ડેરી ચેરમેન શંકરભાઈ ચૌધરી દ્વારા વિદ્યાર્થીઓને આયોજન કરી આપ્યું હતું જેમાં મેનેજિંગ ડિરેક્ટર સંગ્રામસિંઘ ચૌધરી દ્વારા સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ડેરીના વાઈસ ચેરમેન ભાવાભાઈ રબારીનો સહયોગ પણ ઉપરોક્ત મુલાકાત બાબતે સાંપડ્યો હતો. ગલબાભાઈ પટેલ ડેરીના સ્થાપક ચેરમેન રહ્યા જેમણે ૧૯૬૯માં ઉપરોક્ત ડેરીની સ્થાપનામાં યોગદાન આપ્યું હતું. હાલ ડેરીમાં અંદાજિત ૩૦૦૦ થી વધુ લોકો કાર્યરત છે.સમગ્ર દેશમાં ડેરીના પ્લાન્ટ ફેલાયેલા છે જેમાં હરિયાણામાં ફરીદાબાદ તેમજ કાનપુર અને લખનૌ ઉત્તરપ્રદેશમાં તેમજ કતરવા ખાતે ગુજરાત સિવાયના પ્લાન્ટ કાર્યરત છે. ડેરી ૨૪ કલાક ધમધમતી રહે છે ત્રણ શિફ્ટમાં અલગ અલગ સતત કાર્યરત રહી દેશના વિકાસમાં સિંહફાળો ઉપરોક્ત ડેરી આપી રહી છે. ડેરીનું એક દિવસનું દૂધ ઉત્પાદન આ મુજબ છે, ૪૯ **LLPD PER DAY** ડેરી પાસે બંને ટેક્નિકના પ્લાન્ટ છે જેની જરૂરિયાત મુજબ ઉપયોગ થાય છે. મેન્યુયલ અને ઓટોમેટેડ બંને સહકારી ક્ષેત્રમાં બનાસ ડેરીનું ખૂબ મોટું યોગદાનના સાક્ષી આજે મેનેજમેંટના વિદ્યાર્થીઓને બનવાનો મોકો મળ્યો હતો. સમગ્ર વિસ્તારના ખેડૂત અને પશુપાલકોને ઉપરોક્ત ડેરીના કારણે પશુપાલનના વ્યવસાયમાં ખૂબ ઉપયોગી સાબિત થઈ રહી છે તેમજ તેઓને પશુ દાણ બાબતે પણ સહયોગ આપવામાં આવે છે. સાથે સાથે પશુ ચિકિત્સકનું માર્ગદર્શન અને યોગ્ય પશુ ચીકીત્સા સાથેસાથે સમયસર દૂધના નાણાંની ચુકવણી પણ કરવામાં આવે છે તેમજ પશુ વીમા બાબતે પણ માર્ગદર્શિત કરવામાં આવે છે. પશુપાલકોને ઉત્સાહિત કરવા પણ ડેરી સતત કાર્યરત રહે છે. મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓ ખાલી પુસ્તકીયુ જ્ઞાન મેળવેતો સમાજ અને ઉધોગ જગત તેનાથી લાભાન્વિત બની શકે નહી ત્યારે બીબીએ કોલેજ દ્વારા સાંપ્રત સમયની માંગને અનુલક્ષીને વિદ્યાર્થીઓને ત્રણ વર્ષનાં અભ્યાસકાળ દરમ્યાન ૬ વખત ઈંડસ્ટ્રિયલ વિઝિટ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સંસ્થાનો અભિગમ છે કે કોઈપણ વિદ્યાર્થી વ્યવસાય કે નોકરી વીના ન રહે તે માટે અથાક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે સંસ્થા દ્વારા **Placement & Training** તેમજ **Entrepreneurship Cell** કાર્યરત છે.જેમા વિદ્યાર્થીઓ ની રુચિ પ્રમાણે તેમને કારકિર્દીનું ઘડતર કરવામાં મદદરૂપ થવામાં આવે છે.

વિઝિટ દરમ્યાન વિદ્યાર્થીઓને ઉત્પાદનનાં વિવિધ તબક્કાઓ બાબતે સમજાવવામાં આવ્યા હતા. આ મુલાકાત દરમ્યાન ૭૮ બંને દિવસે વિદ્યાર્થીઓને ૩૭- ૩૮ વિદ્યાર્થીઓની ૨ ટીમમાં વિભાજીત કરી પ્રોડક્શન અને ઓપરેશન્સ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

# રાજ્યભરમાં સતર્કતા જાગૃતિ સપ્તાહ ઉજવાશે

ગાંધીનગર, તા.૪

ભ્રષ્ટાચાર નાબૂદી માટે નાગરિકોમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ જનજાગૃતિ લાવવા "કેન્દ્રીય સતર્કતા આયોગ" દ્વારા આગામી તા. ૩૧ ઓક્ટોબર થી ૬ નવેમ્બર દરમિયાન "સતર્કતા જાગૃતિ સપ્તાહ'' ઉજવવામાં આવશે. જે અંતર્ગત રાજ્ય સરકારે પણ આ સપ્તાહ સમગ્ર રાજ્યમાં ઉજવવાનો નિર્ણય કર્યો છે. આ વર્ષે સતર્કતા જાગૃતિ સપ્તાહની થીમ 'ભ્રષ્ટાચારમુક્ત ભારત- વિકસિત ભારત' રાખવામાં આવી છે.

સતર્કતા જાગૃતિ સપ્તાહનું આ વર્ષના વિષયને ધ્યાને લઈને તમામ વિભાગો, વિભાગો હેઠળના ખાતાના વડા અને તેમના તાબા હેઠળની કચેરીઓ, બોર્ડ-નિગમો, જાહેર સાહસો અને સ્થાનિક સત્તા મંડળો દ્વારા વિવિધ જનજાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરાશે. જેમાં રાજ્ય સરકારના તમામ અધિકારી કર્મચારીઓ દ્વારા પણ ફરજનિષ્ઠાના શપથ લેવડાવામાં આવશે.



સરગાસણ ખાતેની શ્રીરંગ પાર્ક સોસાયટીના રહીશોએ નવરાત્રીના પાંચમા દિવસે માતાજીની આરતીમાં ગાંધીનગર સમાચારના લેખક સતીષ ચારણ અને તેમના ધર્મપત્ની ઉપરાંત સામાજિક અગ્રણી અશોકભાઈ પ્રજાપતિ અને તેમના કુટુંબીજનો, પ્રમુખ, ભૂતપૂર્વ પ્રમુખ ભાગ લીધો હતો. સર્વે રહીશો અલગ અલગ વેષભૂષામાં માતાજીના ગરબે ઘુમ્યા હતા.



રાયસણ પેટ્રોલ પંપ કુડાસણ પાસે આવેલી પ્રમુખ એલિગન્સ વસાહત ખાતે નવરાત્રીની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી રહી છે. બાળકોથી લઈ મોટેરાઓ ગરબે ઘુમી રહયા છે.

# શ્યામ સુકન ફ્લેટમાંથી વધુ ૭ દર્દી આજે નોંધાયા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શ્યામ સુકન ફ્લેટમાં આજે વધુ ૭ કેસ ફુડ પોઈઝનીંગના મળી આવ્યા હતા. સારવાર માટે દાખલ કરાયેલ દર્દીને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ કહ્યુ છે.

આજે બીજે દિવસે પણ તંત્રની ટીમોએ સર્વેલન્સની કામગીરી ચાલુ રાખી હતી. જે ૭ દર્દીઓ મળી આવ્યા હતા તેમને ટીમ દ્વારા સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ હતુ કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. ગઈકાલે ૧૦૬ જેટલા દર્દીઓને ફૂડ પોઈઝનીંગની અસરો થઈ હતી જે પૈકી ૧૦૫ને સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી.

# નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ઉર્જા જાગૃતિ કાર્યક્રમ યોજાયો




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત શ્રીમતી આર.એન.પટેલ પ્રાથમિક શાળામાં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના માર્ગદર્શક અનિલભાઈ પટેલ દ્વારા ધોરણ ૮ના વિદ્યાર્થીઓને ઉર્જા જાગૃતિ અંગેની માહિતી આપવામાં આવી હતી. જેમાં ઊર્જાના રોજિંદા જીવનમાં ઉપયોગ, પરંપરાગત ઊર્જાના સ્ત્રોત, વિદ્યુત ઉત્પન્ન કરવાની રીતો અને વીજ બચત માટે વિવિધ ઉપાયો અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. **The Green, Clean and Cool Endless Source of Energy** બિન પરંપરાગત ઉર્જાના સ્ત્રોતો સૌર ઉર્જાથી ચાલતા ઉપકરણો જેવા કે પેરાબોલિક સૂર્યકૂકર, કોમ્યુનિટી કૂકર, સોલર સિસ્ટમ, કુકિંગ સિસ્ટમ ,સોલર વોટર હીટર, ઉદ્યોગોમાં સોલર વોટર હીટિંગ સિસ્ટમ, સોલર વોટર પંપ, સોલર યોજના, પવન ઊર્જા, બાયોગેસરૂ ભૂતાપીય ઊર્જા, સામુદ્રિક ઉર્જા વગેરે વિશે માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ મેળવેલા જ્ઞાનની ચકાસણી માટે સ્પર્ધા કરવામાં આવી. વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા. જીવન વ્યવહારમાં વિદ્યાર્થીઓને ઊર્જાની બચત કરવાની સુટેવોનો વિકાસ કરવામાં આ કાર્યક્રમ મદદરૂપ થશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. આ ઉર્જા જાગૃતિ કાર્યક્રમ દ્વારા શાળાના બાળકોને વિશેષ માહિતી આપવા બદલ પારુલબેન પટેલ દ્વારા શાળા પરિવાર તરફથી આભાર વ્યક્ત કર્યો હતો.

## અદ્ધરતાલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાલમાં ફાર્મસીના અભ્યાસક્રમ માટે વિદ્યાર્થીઓને અનુલક્ષી સંકુલમાં એક નાની ઈમારતમાં એક માળ ફાળવવામાં આવ્યો છે જેના આધારે કામ ચાલે છે. અગાઉ પાટનગર યોજના વિભાગના બજેટમાં પણ આ મામલે નાંણાંકીય જોગવાઈ કરવામાં આવી ન હતી. વર્ષ ૨૦૨૨-૨૩ માં પણ અંદાજે રૂ ૩ કરોડની જોગવાઈ કરવાની થતી હતી પરંતુ નાણાના અભાવે આ પ્રોજેકટ આગળ વધી શકયો નથી. આ યોજનાને અનુલક્ષી ખર્ચ અંદાજો તેયાર કરવામાં આવ્યા હતા જયારે સંબંધિત કક્ષાએથી વહીવટી મંજુરી માટે પણ દરખાસ્ત કરવામાં આવી હતી આખરે સઘળા આયોજનના અંતે પણ કામ આગળ વધી શકયુ નથી. આ સ્થિતિ વચ્ચે સુવિધાના અભાવ અને દુવિધાઓના ઢગ વચ્ચે વિદ્યાર્થીઓને પણ ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. છેલ્લા એક વર્ષના સમયના અંતે પણ તૈયાર પ્રોજેકટ આગળ વધી શકયો નથી જયારે કામગીરીના નામે પણ મીંડુ ચિતરાયેલુ છે. ટેન્ડર પ્રક્રીયાના નવ મહીનાના લાંબા સમય ગાળા બાદ પણ આગળ વહીવટી ગતિવિધી ન થતા સમગ્ર યોજના જાણે વહીવટી આંટી ઘુંટી માં સલવાઈ છે. ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ આ કાર્યયોજના આગળ વધે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. પ્રોજેકટને અનુલક્ષી ત્વરિત નાંણાકીય જોગવાઈ કરવામાં આવે અલબત્ત નાણાની ફાળવણી કરી ત્વરિત આ કામ આગળ વધે તેવી લાગણી પ્રબળ બની છે.

## પોઝીટીવ આવ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી જ છુટા છવાયા કેસો મળી રહ્યા છે. તંત્રએ સઘન સર્વેલન્સના આદેશ આપ્યા છે. શહેરમાં આજે સે. ૨૦માંથી ૫૨ વર્ષીય મહિલા અને સે. ૭ માંથી ૮૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને મહિલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તંત્રએ તાકીદ કરી છે.

## હિમપ્રપાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટર (એસઈઓસી)ના સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે ગ્લેશિયરની સ્નૉટ લગભગ ૩૭૦૦ મીટરની ઊંચાઈ પર સ્થિત છે જ્યારે હિમપ્રપાત દ્રૌપદી-કા-દંડાની આસપાસ ૫,૩૦૦ મીટરની ઊંચાઈએ થયો છે.ઉત્તરાખંડ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર પીયૂષ રૌતેલાએ જણાવ્યું હતું કે, તાજો બરફ, વિશાળ તિરાડો અને સુલભતા એ એક મોટો પડકાર છે કારણ કે આ વિસ્તારમાં પહોંચવા માટે ભટવારીથી તેલા અને જંગલ ચટ્ટી દ્વારા લગભગ બે દિવસ સુધી ટ્રેકિંગ કરવું પડે છે. કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ મંગળવારે હિમસ્ખલનના કારણે થયેલા જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો હતો.

## અપહરણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રશાસને જણાવ્યું કે ૪ લોકોનું સાઉથ હાઈવે ૫૯ ના ૮૦૦ બ્લોકથી અપહરણ કરવામાં આવ્યું. પરિવારને કથિત રીતે અપહરણ કરીને એવી જગ્યા પર લઈ જવાયો છે જ્યાં લાઈનબંધ રિટેલર્સ અને રેસ્ટોરન્ટ્સ છે. સમાચાર મુજબ અધિકારીઓએ હાલ સંદિગ્ધના નામનો કે અપહરણ પાછળના હેતુનો કોઈ ખુલાસો કર્યો નથી. સોમવારે એક નિવેદનમાં પોલીસે કહ્યું કે અમે લોકોને સતત કહી રહ્યા છીએ કે તેઓ સંદિગ્ધ કે પછી પીડિતો સુધી પહોંચવાની કોશિશ ન કરે. તેઓ ૯૧૧ પર પોલીસને જાણ કરે. અત્રે જણાવવાનું કે આ અગાઉ વર્ષ ૨૦૧૯માં ભારતીય મૂળના વ્યવસાયી તુષાર અત્રે તેમના ગર્લફ્રેન્ડની કારમાં મૃત અવસ્થામાં મળી આવ્યા હતા. તેઓ એક ડિજિટ માર્કેટિંગ કંપનીના માલિક હતા. તેમનું કેલિફોર્નિયાના તેમના આલિશાન ઘરથી કથિત રીતે અપહરણ કરાયું હતું.

## હત્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

શાહ જમ્મુ-કાશ્મીરના પ્રવાસે છે. તેમણે હેમંત લોહિયા મર્ડર કેસમાં જમ્મુ-કાશ્મીરના ડીજીપી પાસેથી સંપૂર્ણ રિપોર્ટ લીધો હતો. આ સાથે આરોપીઓની તાત્કાલિક ધરપકડ કરવા સૂચના આપવામાં આવી છે.

અધિક પોલીસ મહાનિર્દેશક (જમ્મુ ક્ષેત્ર) મુકેશ સિંહે જણાવ્યું હતું કે ૧૯૯૨ બેચના આઈપીએસ અધિકારી હેમંત લોહિયા (૫૨ વર્ષ) શહેરની બહારના ભાગમાં આવેલા તેમના ઉદયવાલા નિવાસસ્થાને મૃત હાલતમાં મળી આવ્યા હતા. માહિતી મળતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ત્યારે તેનું ગળું કાપેલું હતું. ક્રાઈમ સીન જોતા પ્રાથમિક દ્રષ્ટિએ એવું લાગે છે કે આ એક શંકાસ્પદ હત્યા છે. હાલ લોહિયાનો નોકર ફરાર છે. તેને શોધવા માટે અનેક ટીમો બનાવવામાં આવી છે. સાથે જ ફોરેન્સિક અને ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ટીમે પણ લોહિયાના ઘરની તપાસ કરી હતી. જમ્મુ-કાશ્મીર પોલીસના જણાવ્યા અનુસાર તેના રૂમમાંથી એક તૂટેલી બોટલ મળી આવી છે.

## ઝડપી લીધો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડીજી એચ.કે.લોહિયાની સાથે કોઈ સિક્રેટ મિશન પર હતો. શું આ આતંકી ઘટના છે? કહેવામાં આવી રહ્યું છે કે ડીજી એચ.કે. લોહિયા પર ખૂબ જ વિશ્વાસ કરતા હતા. જમ્મુમાં પોસ્ટેડ એચ.કે.લોહિયા શ્રીનગરમાં પોતાના મિત્ર રાજીવ ખજૂરિયાના ઘરે ગયા હતા. આ દરમિયાન કોઈ વાતચીતને લઈને વિવાદ થઈ ગયો હતો અને એ પછી યાસિર અહેમદે તેમની હત્યા કરી નાખી હતી. હત્યાને અંજામ આપ્યા બાદ યાસિર નીચે આવ્યો અને ત્યાંથી રફુચક્કર થઈ ગયો હતો. જ્યારે તે ત્યાંથી ફરાર થઈ રહ્યો હતો ત્યારે એક બીજા નોકરે પૂછ્યું તો તેણે જણાવ્યું કે સાહેબ સૂઈ રહ્યા છે. જો કે, જે રીતે આ હત્યાની ઘટનાને અંજામ આપવામાં આવ્યો છે એને જોતા અનેક સવાલો ઉઠી રહ્યા છે.